## ન્યુઝ ટ્રેક

### હવાઈમાં લેન વાવાઝોડુ ત્રાટક્યું

અમેરિકાના હવાઈ આઈલેન્ડ પર ગુરૂવારે લેન વાવાઝોડું ત્રાટક્યું હતુ. વાવાઝોડાના કારણે આઈલેન્ડ પર ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. માત્ર ૨૪ કલાકમાં ૨૦ ઈંચ વરસાદ પડતાં અનેક લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે.

### રાજસ્થાનના માલપુરામાં કરફ્યુ

કાવડયાત્રા દરમ્યાન એક ધાર્મિક સ્થળની બહાર થયેલા પથ્થરમારાની ઘટના બાદ રાજસ્થાનના માલપુરા વિસ્તારમાં કરફ્યુ લગાવી દેવાયો છે. આગચંપી અને પથ્થરમારાની ઘટનાઓથી અહીં તણાવ ફેલાઈ ગયો છે.

### પૂર્વમંત્રી ચીદમ્બરમની મુશ્કેલીઓ વધી

એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે એરસેલ-મેક્સિસ મામલામાં પૂર્વ કેન્દ્રિય મંત્રી પી. ચીદમ્બરમની ફરી પૂછપરછ કરવામાં આવી છે. એરસેલ-મેક્સિસ મામલામાં આગાઉ એફઆઈપીબીના અધિકારીઓએ પૂછપરછ કરી હતી.

### પં. બંગાળની પંચાયત ચૂંટણીઓ રદ કરવાનો ઈન્કાર

સુપ્રિમ કોર્ટે પશ્ચિમ બંગાળની પંચાયત ચૂંટણીઓ રદ કરવાની ભાજપ અને માકપાની અરજીઓ રદ કરી મમતા બેનર્જીને રાહત આપી છે. રાજ્યમાં ૨૦ હજારથી વધુ સીટો પર ચૂંટણીઓ યોજાઈ હતી.

# ગાંધીનગર મેડીકલ કોલેજની સાતમી બેંચનો સોમવારથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

પાટનગરની મેડીકલ કોલેજની સાતમી બેંચનો સોમવારથી અભ્યાસક્રમનો પ્રારંભ થશે. સાતમી બેંચના વિદ્યાર્થીઓના એડમિશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. પાટનગરમાં વર્ષ ૨૦૧૨માં મેડીકલ કોલેજનો પ્રારંભ થયો હતો. આ વર્ષે મેડીકલ ક્વોટામાં ૨૩ વિદ્યાર્થીઓના એડમીશન આપવામાં આવ્યા છે. આ પહેલા વાલી અને વિદ્યાર્થીઓને રેગીંગના દુષણથી દુર રહેવા માટે ડીને સ્પષ્ટ સુચના પણ આપી હતી.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજ સામાન્ય રીતે ઓગસ્ટના પ્રથમ કે બીજા સપ્તાહમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવે છે. જયારે આ વખતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરીને ડોમીસાઈલ સર્ટીફિકેટના ચેકીંગ સહિતની અન્ય કામગીરી બાદ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેના કારણે મેડીકલમાં પ્રવેશની કામગીરી એક સપ્તાહ મોડી થઈ છે. ત્યારે જીએમઈઆરએસ સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજની ૧૫૦ બેઠકોની પ્રવેશ પ્રક્રિયા તાજેતરમાં કરવામાં આવી હતી. સોલા મેડીકલ કોલેજ બાદ વિદ્યાર્થીઓની બીજી પસંદગી તરીકે ગાંધીનગર મેડીકલ કોલેજ હોય છે. આ બેઠકો ભરાઈ ગયા બાદ આજે વાલી અને વિદ્યાર્થીઓ સાથે પ્રથમ બેઠક ડીને બોલાવી હતી. જેમાં એમબીબીએસના અભ્યાસક્રમ અંગે સબાંધિત પ્રોફેસરોએ માર્ગદર્શન આપ્યું હતું. જયારે કોલેજ અને હોસ્ટેલ તેમજ હોસ્પિટલની માહિતી પણ વિદ્યાથીઓને આપવામાં આવી હતી. ઉપરાંત મેડીકલ કોલેજમાં ખાસ રેગીંગ દુષણ હોય છે તેનાથી દુર રહેવાની સુચના પણ ડીને વિદ્યાર્થીઓને આપી હતી. ત્યારે હવે આગામી સોમવારથી ગાંધીનગર મેડીકલ કોલેજનામાં એમબીબીએસની નવી બેંચના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમનો પ્રારંભ થશે.




ભાટ ખાતે આજે યોજાયેલ સેવાસેતુમાં આરોગ્યતંત્ર દ્વારા ઉભા કરાયેલ સ્ટોલ પર વાહકજન્ય રોગચાળા અંગેનું એક પ્રદર્શન પણ રાખવામાં આવ્યુ હતુ. જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કાયાએ આ સ્ટોલની મુલાકાત લઈ વાહકજન્ય રોગચાળા વિશેની વિસ્તૃત વિગતો મેળવવા કર્મચારી કીરીટસિંહ ચાવડા સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી હતી. તેમણે ગપ્પી માછલીઓ કેટલા તળાવમાં ઉછરી રહી હોવાની પણ વિગતો મેળવી હતી.

## ડસ્ટબીનની ખરીદીથી વિતરણ સુધીમાં ગરબડો : પિન્કી પટેલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મનપા દ્વારા ખરીદવામાં આવેલ ડસ્ટબીનની તપાસ વીજીલન્સને સોંપવા માટેની માંગ કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે કરી છે.

મ્યુનિ. કમિશ્નરને લખેલા પત્રમાં તેમણે જણાવ્યુ છે કે મનપા દ્વારા આપવામાં આવેલી ડસ્ટબીનની ગુણવત્તા અંગે અમે અગાઉ સેપ્ટ જેવી સંસ્થા પાસે કરાવવાની દરખાસ્ત મેયરને આપી હતી પરંતુ સામાન્ય સભામાં આ દરખાસ્ત પર ચર્ચા જ ન થાય અને બધુ સારૂ દેખાય તે માટે મેયરે અમારી દરખાસ્ત ઉડાવી દીધી હતી.

તેમણે આ ખરીદી પ્રકરણની તપાસ વીજીલન્સને સોંપવા માંગણી કરી છે. તેમણે આ ડસ્ટબીનોના વિતરણમાં પણ પુરાવાઓ વગર કરવામાં આવ્યા હોવાની ફરિયાદ રજુ કરી સમગ્ર મુદ્દાઓની તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે.



ગાંધીનગરના સેક્ટર-૧ સ્થિત સમદર્શન આશ્રમમાં આવેલા કૃપાનિધિ મહાદેવ મંદિરનો ૧૧મો પાટોત્સવ આજે ભાવભક્તિ પૂર્ણ વાતાવરણમાં ધામધુમથી ઉજવાયો હતો. વિશાળ ભક્તગણની ઉપસ્થિતિમાં પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ કૃપાનિધિ મહાદેવની પૂજા અર્ચના કરી હતી.

## ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના સભ્યોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના મેમ્બર્સ ઓરીયનટેશન કાર્યક્રમનું આયોજન તાજેતરમાં ગાંધીનગર શહેરમાં આવેલ બ્લેક પેપર્સ રેસ્ટોરન્ટમાં કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના જનરલ સેક્રેટરી અનિલ મોરે, વાઈસ પ્રેસીડેન્ટ કિશોર દેસાઈ, પીઆરઓ ગૌરાંગ પંડયા, ગાંધીનગરના પ્રમુખ વસીમ કાદરી, વાઈસ પ્રેસીડેન્ટ દિપક વ્યાસ, પીઆરઓ નિશ્ચલ પ્રજાપતિ અને અન્ય કમીટીના સભ્યો હાજર રહ્યા હતા. આ સમારોહના મુખ્ય મહેમાન તરીકે ભાગાજી રાઉલ (મુંબઈ ડબાવાલા જનરલ સેક્રેટરી) તેમજ સંસ્થાના રાષ્ટ્રીય પ્રમુખ સુધીર મોરે તેમજ સંસ્થાના નેશનલ સોશ્યલ મીડીયા હેડ પ્રસાદ વિશ્વકર્મા અને અમીર નદારીયા ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં ઉપસ્થિત ભાગાજી રાઉલએ મુંબઈ ડબાવાલા વિશેના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. રાષ્ટ્રીય પ્રમુખ સુધીર મોરેએ કમિટી મેમ્બર્સને કમિટીના કામ કરવાની પદ્ધતિ અને કમિટીના આગામી કાર્યક્રમોની માહિતી આપી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના નવા પદાધીકારીઓની નિમણુંક પણ કરવામાં આવી હતી.

## વાતવાતમાં

● ચોમાસાની ઋતુમાં જ શહેરના સેક્ટરોમાં અનેક ઠેકાણે સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સમસ્યા સર્જાઈ છે. આ ઋતુમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતા નાગરિકોને જીવજંતુ કરડવાથી માંડીને વરસાદમાં પડી જવા કે અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે.

● આ વર્ષે ચોમાસાની ઋતુ બરાબર જામી ના હોવાથી શહેરના કેટલાંક તબીબોમાં નિરાશાનો સૂર જોવા મળી રહ્યો છે. આ વર્ષે પહેલીવાર શહેરના કેટલાક તબીબો ચોમાસાની ઋતુમાં બહારગામ ફરવા સુદ્ધા ઉપડી ગયાં છે.

● પાસ કન્વીનર હાર્દિક પટેલ દ્વારા તેના નિવાસસ્થાને જ ટેકેદારો સાથે આમરણાંત ઉપવાસની જાહેરાત કરવામાં આવી છે જેનો અનુલક્ષીને પોલીસતંત્ર સતર્કમાં આવી જવા પામ્યું છે. આ ઉપવાસ કાર્યક્રમના પગલે ગાંધીનગર જિલ્લામાં પ્રવેશવાના તમામ નાકાઓ પર નાકાબંધી કરવાની સૂચના આપી દેવાઈ છે.

● ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ૮ વિદ્યાર્થીઓને આઈકાર્ડ જ ના અપાતા તેમને પ્રવેશ મળ્યો નહોતો જેથી વિદ્યાર્થીઓએ હાઈકોર્ટનો આશરો લેતા હાઈકોર્ટે પ્રવેશનો આદેશ આપ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં કાર્યક્રમ પુરો થવા આવ્યો હતો. આ વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીમાં ચાલતી પોલંપોલ સામે પીટીશનો કરવામાં આવી હોવાથી સંચાલકો દ્વારા આ પ્રકારે કનડગત કરાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

● સર્વ શિક્ષા અભિયાન દ્વારા માણસા બ્લોકમાં દિવ્યાંગ બાળકો દ્વારા જાતે બનાવેલી રાખડીઓ તેમણે જિલ્લા પંચાયતના પદાધિકારીઓને બાંધી હતી.

● ગાંધીનગર મનપા દ્વારા સે. ૨૮માં પોતાનો રંગમંચ હોવા છતાં લગ્નવાડીમાં સેવાસેતુનો કાર્યક્રમ યોજવાના કરેલા નિર્ણયને લઈ નગરજનોમાં ગણગણાટ શરૂ થયો છે. આ સેવાસેતુમાં ગણતરીના અધિકારીઓ સિવાયના અધિકારીઓની ગેરહાજરી પણ લોકજીભે ચર્ચાનો મુદ્દો બની હતી.

# આસોય એક્સ્પ્લોરર્સ દ્વારા રાજ્યસ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધાનું આયોજન

### સ્પર્ધામાં ૧૩ થી ૧૯ અને ૨૫ થી ૩૫ એમ બે વયજૂથમાં સ્પર્ધકો રાજ્યભરમાંથી વિનામૂલ્યે ઘરે બેઠાં ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૨૪

જામનગરના આસોય એક્સપ્લોરર્સ દ્વારા રાજ્યસ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધા ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજ્યભરમાંથી ૧૩ થી ૧૯ વર્ષના બાળકો તેમજ ૨૦ થી ૩૫ વર્ષના ચિત્રકારોને ભાગ લેવા આહ્‌વાન કરવામાં આવ્યું છે. બંને વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા ચિત્રકારોને રૂ. ૫ હજાર, દ્વિતિય ક્રમે વિજેતાઓનને રૂ. ૩ હજાર જ્યારે તૃતીય ક્રમે વિજેતાઓને રૂ. ૨ હજાર સહિત અન્ય પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવનાર છે. આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ તા. ૫મી સપ્ટેમ્બર સુધીમાં તેમના ચિત્રો મોકલવાના રહેશે તેવું જણાવાયું છે.

રાજ્યસ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધામાં વિભાગ-એ માં ૧૩ થી ૧૯ વર્ષના સ્પર્ધકો માટે ચિત્રનો વિષય 'કુદરતના સાનિધ્યમાં કોઈ એક સાહસિક પ્રવૃત્તિ દર્શાવતુ દશ્ય' રાખવામાં આવ્યો છે. જેમાં જંગલ ટ્રેકિંગ, રોક ક્લાઈમીંગ, રીવર રાફટીંગ, સેઈલીંગ, કનૂઈંગ વગેરેને આવરી શકાશે અથવા કોઈ એક પ્રવાસી પક્ષીનું ચિત્ર પણ દોરી શકાશે. વિભાગ-બીમાં ૨૦ થી ૩૫ વયના સ્પર્ધકો માટે વિષય 'ગુજરાતના દરિયા કિનારાનું દશ્ય' અથવા માછલી સિવાયનો 'દરિયાઈ જીવ' રાખવામાં આવ્યો છે. દરિયાકિનારાનું દશ્ય કાલ્પનિક નહી વાસ્તવિક કુદરતી દશ્ય હોવું જરૂરી રહેશે. સ્પર્ધકે આ સ્પર્ધામાં ચિત્ર વોટરકલર અથવા ઓઈલ કલરમાં ડ્રોઈંગ પેપર અથવા કેનવાસ જેની લંબાઈ ૧૫ ઈંચથી વધુ નહી અને પહોળાઈ ૭ ઈંચથી ઓછી ના હોય તે રીતે જાતે દોરેલુ હોવુ જોઈશે.

### સ્પર્ધાની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ

રાજ્યસ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધામાં સ્પર્ધકે તેમના ચિત્રો તા. ૫મી સપ્ટેમ્બર સુધીમાં '૧૫-૧૬, ગેલેરીયા કોમ્પ્લેક્ષ, પટેલ કોલોની શેરી નં. ૨/૧, અલ્ટ્રા મોર્ડન કલેક્શન પાસે, જામનગર-૩૬૧૦૦૮ના સરનામે મોકલવાના રહેશે. સ્પર્ધામાં કોઈ પણ પ્રકારની પ્રવેશ ફી નથી. સ્પર્ધાની વધુ વિગતો વેબસાઈટ www. asoyexplorers. com પરથી મળી રહેશે. સ્પર્ધાનું પરિણામ તા. ૩૦મી સપ્ટેમ્બર બાદ જાહેર કરાશે.

### અંતિમવિધિ કાપડ દાન

ગાંધીનગરમાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ૨૪ કલાક અંતિમવિધી સામગ્રી કિટની સેવા જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા આપવામાં આવે છે. જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતેના પોસ્ટમોર્ટમ કરેલા મૃતદેહને પ્લાસ્ટીક તથા કાપડની સેવા સંસ્થા દ્વારા આપવામાં આવે છે. સેવા વિનામુલ્યે આપવામાં આવતી હોવાથી શાહ જીતેન્દ્રકુમાર ચીમનલાલ સારંગપુર અમદાવાદ કાપડના વેપારી દ્વારા લાલ તેમજ સફેદ કાપડની સંસ્થાની જરુરીયાત મુજબ વિનામુલ્યે અત્યાર સુધીમાં લગભગ ૬૫૦૦ મીટર કાપડ આપ્યું છે.




**ગુજરાતના નવા પર્વતારોહકો માટે તાલીમવર્ગ કાર્યક્રમ યોજાયો**

રાજ્યના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અને યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજ્યનાં નવા પ્રવતારોહકો માટેનો તાલીમ વર્ગ અમદાવાદ ખાતે યોજાયો હતો. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યના રમતવીરો, સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે તજજ્ઞો દ્વારા વિવિધ તાલીમી કાર્યક્રમો યોજાય છે.

## સિધ્ધાર્થ લૉ કોલેજ ખાતે વૃક્ષારોપણ

આજે ગાંધીનગરના સેકટર-૧૬ સ્થિત સિધ્ધાર્થ લૉ કોલેજના પટાંગણમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડા સહિત તમામ સ્ટાફ અને ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ૩૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સિધ્ધાર્થ લૉ કોલેજ ખાતે ગુરુવારે ઈન્ટર કલાસ ચેસ સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું. જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી એલએલબી સેમેસ્ટર-ના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

## બાળ સંરક્ષણ ગૃહના બાળકોને હાથે રાખડી બંધાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૧૩ના બાળ સંરક્ષણ ગૃહમાં બાળકોને રક્ષાબંધનનો પ્રસંગ વિશિષ્ટ રીતે ઉજવાયો હતો. ગંર્ગાચાર્યવાહિની સંઘ અમદાવાદ અને બાળ સંરક્ષણ ગૃહના ઉપક્રમે રક્ષાબંધન પર્વ ઉજવાયું હતું. બાળકો તથા કર્મચારીઓને રક્ષાબંધનનું આહવાન આપવામાં આવ્યું હતું. સેકટર-૨ના રહેવાસી માયાબેન વ્યાસના જન્મદિને બાળકોને નાસ્તો, લંચબોક્ષ આપવામાં આવ્યા હતા. ગંર્ગાચાર્ય વાહિની સંઘ દ્વારા પાણીની બોટલ, નેપકીન, મોજા વગરે આપવામાં આવ્યા હતા.

ગર્ગાચાર્ય વાહની સંઘના પ્રમુખ જાગૃતિબેન દવે, રશ્મિકાબેન, વીણાબેન શ્રી ગોડ, કૈલાસબેન, રીનાબેન, પારૂલબેન, દક્ષાબેન વગેરે બહેનોએ બાળકોને રક્ષાબંધન આપીને ઉજજવળ ભવિષ્યની શુભ કામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈ તથા કેરાલાના ભારે પૂરમાં અકાળે અવસાન પામેલા લોકો માટે બે મિનિટનું મૌન પાળી ભાવભીની અંજલિ આપવામાં આવી હતી. પ્રાંરભમાં ભાનુભાઈ દવેએ રક્ષાબંધન અને સ્વ. બાજપાઈજીના જીવન-કવન વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સંસ્થાના સંયોજક વંદનાબેન સોલંકીએ આવકાર પ્રવચન કર્યુ હતું. સમગ્ર સ્ટાફ પરીવાર અને સંસ્થાના કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# થાવર સ્ટેટ ટેક્ષ મોબાઈલ સ્કોર્ડના ઈન્ચાર્જ રાજય વેરા અધિકારીની અટકાયત

### બનાસકાંઠા એસીબી દ્વારા ભ્રષ્ટાચારના કેસમાં અટકાયત કરાતાં ચકચાર

ધાનેરાની થાવર ચેક પોસ્ટથી ગાંધીનગર એસીબીની ટીમે બે દિવસ અગાઉ એસ. આર. પી. કોન્સ્ટેબલ તથા બે સ્ટેટ ટેક્ષ ઈન્સપેકટરોની લાંચ કેસમાં અટકાયત કરવામાં આવી હતી.જેની તપાસ બનાસકાંઠા એસીબીને સોંપવામાં આવી હતી. જેમાં થાવર સ્ટેટ ટેક્ષ મોબાઈલ સ્કોર્ડના ઈન્ચાર્જ રાજ્ય વેરા અધિકારીની સંડોવણી ખુલતાં રવિવારે બનાસકાંઠા એસીબી પીઆઈએ તેમની અટકાયત કરતાં ચકચાર મચી જવા પામી છે.

ધાનેરાની થાવર ચેક પોસ્ટથી ગાંધીનગર એસીબીની ટીમે બે દિવસ અગાઉ એસ. આર. પી. કોન્સ્ટેબલ તથા બે સ્ટેટ ટેક્ષ ઈન્સપેકટરોની લાંચ કેસમાં અટકાયત કરવામાં આવી હતી.જેની તપાસ બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલને સોંપવામાં આવી હતી. જેમાં થાવર સ્ટેટ ટેક્ષ મોબાઈલ સ્કોર્ડના ઈન્ચાર્જ રાજ્ય વેરા અધિકારી સુધીર શાહની દેખરેખ હેઠળ આ મોબાઈલ સ્કોવોર્ડના કર્મચારીઓ ભ્રષ્ટાચાર આચરતા હોઈ આ ગૂનામાં તેઓની સંડોવણી જણાતાં શનિવારે સુધીર શાહની અટકાયત કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે.

**નબળી કામગીરી માટે...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલેકટર એસ.કે. લાંગાએ ખાસ અપીલ કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના સેકટર-૧ થી ૩૦ સુધીના શહેરી વિસ્તારના બાળકો અને ગ્રામ્ય વિસ્તારમાં નબળી કામગીરીના વિસ્તારો તથા શાળા આંગણવાડીઓને અલગ તારવીને ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનને સાર્થક કરવા ખાસ સુચનાઓ કલેકટર એસ.કે. લાંગાએ આપી છે. અને ગ્રામ્ય કક્ષાનો પ્રગતિ અહેવાલ જિલ્લા વિકાસ અધિકારી હિતેષભાઈ કોયા અને શહેરી વિસ્તારનો અહેવાલ ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરને આપવા ખાસ જણાવ્યું છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી. બારેયા સહિત જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.

**જનયજ્ઞ છે...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા હતાં. ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ભાટ ખાતે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં અમીયાપુર, સુધડ-નભોઈ, ભાટ, અંબાપુર, કોબા અને કોટેશ્વર ગામના ૨૩૬૮ લાભાર્થીઓને વિવિધ લાભો આપી સ્થળ પર પ્રશ્નોનો નિકાલ કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મામલતદાર શ્રી કેશરભાઈ એ. પટેલ, ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી શોભનાબેન વાઘેલા સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

કલોલ તાલુકાના જેઠલજ ગામે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં ૭/૧૨ના ઉતારા સાથે કુલ- ૮,૩૯૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટર-૨૮ ખાતે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં ૧૧૮૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તમામ અરજીઓનો હકરાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

**સુવર્ણ ચંદ્રક...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેલાડીઓએ ૧૮મી એશિયન ગેમ્સમાં ચોકડી સ્કીલ્સમાં ઐતિહાસિક સુવર્ણચંદ્રક અને બે બ્રોન્ઝ જીતીને છઠ્ઠા દિવસની શરૂઆત કરી હતી. ભારતીય ટીમમાં સુવર્ણસિંહ, દત્તુ ભોકાનલ, ઓમપ્રકાશ અને સુખમીતસિંહ સામેલ હતા. આ પુરુષોની ચોકડીની ટીમે જોરદાર દેખાવ કર્યો હતો. બીજી બાજુ ટેનિસમાં પણ દબદબો રહ્યો હતો. અનુભવી ટેનિસ ખેલાડી રોહન બોપન્ના અને દિવિજ શરણની જોડીએ સુવર્ણ જીતવામાં સફળતા મેળવી હતી અને ઈતિહાસ સર્જ્યો હતો. પુરુષોની ડબલ્સમાં જીત મેળવી હતી. ફાઈનલમાં કઝાકિસ્તાનની એલેકઝેન્ડર બુબલિક અને ડેનિસ યેવસેવની જોડીને સીધા સેટોમાં ૬-૩, ૬-૪થી હાર આપીને જીત મેળવી હતી. ભારતના અનુભવી શૂટર હિના સિદ્ધૂએ નિશાનેબાજીમાં ૧૦ મીટર એરપિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. ગઈકાલે ગુરુવારના દિવસે પુરુષની કબડ્ડી ટીમ પરાજીત થઈ જતાં નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. કબડ્ડીની સ્પર્ધામાં ભારતનું હંમેશા પ્રભુત્વ રહ્યું છે. પ્રથમ વખત પુરુષોની ટીમ ફાઈનલમાં પહોંચી શકી નથી. સેમિફાઈનલમાં ઈરાનની સામે ભારતની ૧૮-૨૭થી હાર થઈ હતી. એશિયન ગેમ્સમાં આ પહેલી વખત છે કે ભારતીય પુરૂષ કબડ્ડની ટીમ ગોલ્ડ મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. એશિયન ગેમ્સમાં કબડ્ડીને ૧૯૯૦માં સામેલ કરવામાં આવી હતી. ત્યારથી લઈને ૨૦૧૪ ઈંચિયોન એશિયાડ સુધી ભારતીય પુરૂષ ટીમે ગોલ્ડ મેડલ જ જીત્યો છે, પરંતુ આ વખતે ગોલ્ડ મેળવવાનું સપનું તૂટી ગયું છે. તો ભારતીય મહિલા ટીમે સતત ત્રીજો ગોલ્ડ મેડલ જીતવાની આશા કાયમ રાખી. તેઓએ સેમીફાઈનલમાં ચીની તાઈપેને ૨૭-૧૪થી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી છે.પહેલા હાફમાં ભારતે સકારાત્મક શરૂઆત કરી અને ૬-૧થી બઢત બનાવી હતી. જે બાદ ઈરાને જોરદાર ડિફેન્સ કરતાં સુપર ટેકલ કર્યા જેના પરિણામે પહેલો હાફ ૯-૯ની બરાબરી પર રહ્યો.બીજા હાફમાં ભારતે ૧૪-૧૧થી શરૂઆતી બઢત બનાવી પરંતુ ઈરાનના ડિફેન્સે વિશ્વના સૌથી ઉમદા એટેકને તોડતાં વળતી ટક્કર આપી અને મેચ ૨૭-૧૮થી પોતાને નામે કર્યો.ભારતીય પુરૂષ ટીમ ૭ વખત એશિયન ગેમ્સમાં કબડ્ડીની ચેમ્પિયન રહી છે. ૨૦૧૮ એશિયન ગેમ્સમાં સેમીફાઈનલમાં ઈરાનની સામે ભારતીય ટીમની એક ન ચાલી અને તેઓ ગોલ્ડ મેડલની દોડમાંથી બહાર થઈ ગયાં.

## કંપની સમાચાર

### રીઅલ એસ્ટેટ કંપની, સુમિત વુડ્‌સ લિમિટેડનો ૨૯મીએ આઈપીઓ ખુલશે

રીઅલ એસ્ટેટ કંપની, સુમિત વુડ્‌સ લિમિટેડ, તેનો રૂ. ૧૦ મૂળ કિંમત ધરાવતા ૪૦,૫૩,૦૦૦ ઈક્વિટી શેર, રોકડેથી રૂ. ૪૩ થી ૪૫ની કિંમતે ઓફર કરીને તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ મૂડી બજારમાં પ્રવેષશે. આ ઈશ્યૂમાં જાહેર જનતા માટેના ૩૮,૩૪,૦૦૦ ઈક્વિટી શેર્સ (નેટ ઈશ્યૂ)નો સમાવેશ થાય છે. ઈશ્યૂ અને નેટ ઈશ્યૂ અમારી કંપનીની ઈસ્યુ પછી ભરપાઈ થયા પછીની મૂડીના ૨૬.૫૦ ટકા અને ૨૫.૦૭ ટકા મૂડીનો હિસ્સો આપશે. આ ઈસ્યુમાં નિયુક્ત માર્કેટ મેકર માટે (માર્કેટ મેકર અનામત હિસ્સો) રૂ. ૧૦નો એક એવા ૨,૧૯,૦૦૦ ઈક્વિટી શેર્સની અનામતનો સમાવેશ થાય છે.

આ કંપનીની સ્થાપના જાન્યુઆરી ૯, ૧૯૯૭ના રોજ કંપની એક્ટ ૧૯૫૬ હેઠળ 'સુમીત વૂડ પ્રાઈવેટ લી.' તરીકે કરવામાં આવી હતી અને ત્યારબાદ કંપની એક્ટ હેઠળ પબ્લિક લિમિટેડ કંપનીમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. અમારો ધંધો બાંધકામ માટે કામ કરવા, સ્થાવર મિલ્કતોના વિકાસ અને આયોજન વગેરે માટે સિવીલ ઠેકેદારોના ધંધાનું સંચાલન કરવા માટે 'મે. સુમિત કન્સ્ટ્રક્શન' તરીકે એક ભાગીદારી પેઢી તરીકે શરૂ કરવામાં આવેલ હતો. પ્રથમ પ્રોજેક્ટ ૨૬,૦૦૦ ચો.કિ.ના એક બિલ્ટ વિસ્તાર સાથેની કાંદિવલી મિતનાયન કો-ઓપ હાઉસિંગ સોસાયટી હતી, જે સુમિત વુડ્‌સ પ્રાઈવેટ લિમિટેડ હેઠળ ૨૦૦૪માં પૂર્ણ થયેલ હતી. આ પછી અમારી કંપનીએ અત્યાર સુધીમાં ૧૯ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે.

## ડેમોક્રેટીક પીપલ્સ એસો.ની બેઠક યોજાઈ

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતીની બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને ખુશાલભાઈ પરમારના નિવાસ સ્થાને તાજેતરમાં યોજાઈ હતી. જેમાં બેઠકના પ્રારંભે પી.કે.વાલેરા (આઈએએસ)ના અવસાન નિમિતે શોક પાઠવી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમજ સંત શિરોમણી રોહિદાસ, શહીદવીર મેઘમાયા, તથા સ્વામી વિવેકાનંદની મૂર્તિઓની સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે મુકિતધામ સે-૩૦માં પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન તા. ૧ સપ્ટેમ્બરને શનિવારના રોજ નક્કી કરવામાં આવ્યું છે. તેમજ એસોસિએશનના કારોબારી સભ્ય તરીકે મગનભાઈ પરમાર ને પ્રવકતા તરીકે નિમણુંક કરવામાં આવી છે. બેઠકની વ્યવસ્થા બદલ ખુશાલભાઈ પરમારનો એસોસિએશન વતી ખજાનચી ડો. અમૃતભાઈએ આભાર વ્યકત કર્યો હતો. બેઠકની કાર્યવાહી સફળ સંચાલન એસોસીએશનના મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યુ હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧